મેઘરજમાં ટ્રાફિકના નિયમોનું ખુલ્લેઆમ ઉલ્લંઘન

મોડાસા, તા.૨૪

અરવલ્લી જિલ્લાના મેઘરજમાં ટ્રાફિકના નિયમો માટેનો કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ કથળીને ખાડે ગઈ હોય તેમ ટ્રાફિકના નિયમોનું ખુલ્લેઆમ ઉલ્લંઘન કરવામાં આવી રહ્યું છે. ટ્રાફિકના નિયમોના ઉલ્લંઘન સામે અવાર નવાર ઝુંબેશ ચલાવવામાં આવે છે. પરંતુ તેની કોઈ અસર જોવા મળતી નથી. મેઘરજમાં કેટલાક ખાનગી વાહનચાલકો ઓવરલોડ મુસાફરો ભરીને મોતને મુખમાં રાખીને વાહનો ચલાવતા નજરે પડી રહ્યા છે. ત્યારે મુસાફરો પણ મોતના મુખમાં સામેથી ધકેલાઈ રહ્યા હોય તેમ જીપગાડીના છાપરા પર બેસીને મુસાફરી કરતા નજરે પડે છે.

(તસવીર : જય અમીન, મોડાસા)

મેઘરજના નવા બસ સ્ટેન્ડની સામે અને પંચાલ રોડ પર તેમજ જુના બસ સ્ટેન્ડ વિસ્તારમાં ઉન્ડવા રોડ પર ખાનગી વાહન ચાલકો છત પર ઓવરલોડ મુસાપરો ભરતાં નજરે પડતા જોવા મળે છે. ટ્રાફિક પોલિસની મહેરબાની અને દયાભાવથી વાહનચાલકોને કોઈની રોકટોક નથી અને છુટો દોર મળ્યો હોય તેમ બિન્દાસ્ત ઓવરલોડ ભરવાથી ભૂતકાળમાં કેટલાય લોકો મોતના મુખમાં ધકેલાયા હોવાના ઉદહરણો છે. છતાં ટ્રાફિક પોલિસની રહેમનજર હેઠળ બીજા આવા ઓવરલોડ મુસાફરો ભરવાથી કેટલાય જીવ હોમાશે ત્યારે સંતોષ થશે. ઓવરલોડ મુસાફરો ભરીને વાહનચાલકો બેફામ ગતિએ પસાર થતા હોઈ માર્ગ પર અન્ય ટુ-વ્હીલર અને સાયકલ સવારોને અડફેટે લઈ લેવાના બનાવો પણ છાશવારે મેઘરજમાં જોવા મળી રહ્યા છે.

મેઘરજ શહેરના અગ્રણીના જણાવ્યા અનુસાર મેઘરજ રાજસ્થાન રાજયની સરહદની નજીક આવેલું હોવાથી અહીં રાજસ્થાનની સરહદી વિસ્તારની આદિવાસી પ્રજા જીવનજરૂરીયાત ચીજવસ્તુઓ અને દવા દારુ કરાવવા દરરોજ આવતી હોવાથી અને ઘરે પહોંચવાની ઉતાવળનો ગેરફાયદો આવા ખાનગી જીપ ચાલકો ઉઠાવતા હોય અને જીપની છત પર બેસવા અડધાભાડાની લાલચ આપી મોતના મુખમાં ધકેલવાની રમત રમી રહ્યા છે ત્યારે અરવલ્લી જિલ્લા પોલિસ વડા મયુર ચાવડા આવા ટ્રાફિકના નિયમોનું ઉલ્લંઘન કરતા જીપચાલકો સામે લાલ આંખ કરી યોગ્ય દંડાત્મક કાર્યવાહી કરે તે ખુબ જરુરી છે.

ડીસા તાલુકાના આખોલ ગામ પાસે આવેલ ઓવરબ્રીજ પર ભીલડીના પી.એસ.આઈ. ને અકસ્માત નડ્યો

ડીસા,તા. ૨૪

ભીલડી પોલીસ સ્ટેશનમાં ફરજ બજાવતા પી.એસ.આઈ. અરવિંદભાઈ દેસાઈ ગુરૂવારે બપોરે પોતાની એસ્ટીમ કાર નં. જીજે-૮-એફ-૫૮૫૦ લઈને ડીસાથી ભીલડી તરફ જઈ રહ્યા હતા. તે દરમિયાન આખોલ ગામ પાસે આવેલ ઓવરબ્રીજ ઉપર આગળ જઈ રહેલી આઈશર ટ્રક નં. પીબી-૦-૫-ક્યુ-૯૫૬૯ની ઓવરટેક કરવા જતાં અકસ્માત સર્જાયો હતો. જેમાં એસ્ટીમ કારમાં બેઠેલા પી.એસ.આઈ. અરવિંદભાઈ દેસાઈને ગંભીર ઈજાઓ પહોંચી હતી. આ ઘટનાથી આજુબાજુમાંથી લોકો દોડી આવ્યા હતા અને રાહત કામગીરી હાથ ધરતા ઈજાગ્રસ્તને સારવાર અર્થે ડીસાની પ્રાઈવેટ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. તેમની હાલત વધુ ગંભીર જણાતા વધુ સારવાર અર્થે અમદાવાદ રીફર કરવામાં આવ્યા છે. જ્યારે આઈસર ટ્રકનો ચાલક ટ્રક મુકીને ફરાર થઈ ગયો છે.

ગુજરાત-બ્રિટન આપસી સંબંધોનો સેતુ વધુ સુદૃઢ બનશે : મુખ્યમંત્રી

ગાંધીનગર, તા.૨૪

મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબહેન પટેલની આજે અમદાવાદ ખાતેની બ્રિટીશ ડેપ્યુટી હાઈકમિશનની કચેરીના નવનિયુકત ડેપ્યુટી હાઈકમિશનર શ્રીયુત જયોફ વેઈન (GEEOFF VAIN) એ સૌજન્ય મુલાકાત લીધી હતી.

મુખ્યમંત્રીશ્રીએ અમદાવાદમાં આ કચેરી કાર્યરત કરવા માટે બ્રિટન સરકારનો આભાર વ્યક્ત કરતાં જણાવ્યું કે, બ્રિટનમાં વસવાટ કરતા ૬ લાખ ગુજરાતીઓને આ કચેરી સહાયક બનશે. બ્રિટન વિઝા મેળવવા માટેનું માર્ગદર્શન તથા માહિતી તેમજ પ્રવાસન અંગે પણ આ નવી કચેરી મદદરૂપ થશે, તેમ તેમણે ઉમેર્યું હતું.

શ્રીયુત જયોફ અને મુખ્યમંત્રીશ્રીએ પરસ્પર પરામર્શમાં એવો સૂર વ્યકત કર્યો હતો કે, ગુજરાત બ્રિટન વચ્ચે આપસી સંબંધોનો સેતુ આ નવીન કચેરી વધુ સુદૃઢ બનાવશે.

અત્રે એ નિર્દેશ કરવો જરૂરી છે કે, તાજેતરમાં જ વાયબ્રન્ટ ગ્લોબલ સમિટ - ૨૦૧૫માં યુ.કે.ના મંત્રી શ્રી લોર્ડ લીવીંગ્સ્ટને ગુજરાતમાં બ્રિટીશ ડેપ્યુટી હાઈકમિશનની કચેરી શરૂ કરવા કરેલી જાહેરાતને પગલે આ નવીન કચેરી અમદાવાદમાં શરૂ થઈ છે.

બ્રિટીશ ડેપ્યુટી હાઈ કમિશનની અન્ય કચેરીઓ મુંબઈ, ચેન્નાઈ, કલકત્તા અને ગોવામાં હાલ કાર્યરત છે.

મુખ્યમંત્રીશ્રી સાથે શ્રીયુત જયોફની આ શુભેચ્છા મુલાકાત વેળાએ મુખ્યમંત્રીશ્રીના મુખ્યઅગ્રસચિવ શ્રી કૈલાસનાથન તથા સચિવ શ્રી અજય ભાદુ પણ ઉપસ્થિત રહયા હતા.

પ્રાંતિજમાં અબોલ પશુ પર હુમલો કરી મોતને ઘાટ ઉતારનાર બે વિરુદ્ધ પોલિસ ફરિયાદ

પ્રાંતિજ, તા.૨૪

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ખાતે આવેલ નાની ભાગોળ કુંભારવાસ ખાતે અબોલ જીવને બેરહેમીથી પથ્થરોમારી અને લાકડીના વડે માર મારી નાખતા જીવદયા પ્રેમી દ્વારા પ્રાંતિજ પોલિસ સ્ટેશનમાં પતિ-પત્ની સામે પોલીસ ફરિયાદ થઈ છે.

બે દિવસ પહેલા પ્રાંતિજ નાની ભાગોળ વિસ્તારમાં રહેતા ફરીયાદી મીનાબેન કેતનભાઈ મહેતાના ઘર આગળ ફળીયાના કુતરાને બે રહેમીથી પથ્થર તથા લાકડીઓ વડે હુમલો કરી તેને મોંઢા ઉપર માર મારતાં કુતરાનું ઘટના સ્થળે મોત નિપજયું હતું. જીવદયા મહિલા મીનાબેન દ્વારા કુતરાઓને બચાવવા વચ્ચે પડતા તેમને પણ મારી નાખવાની તથા હજુ એક એક કુતરાઓને મારી નાંખવાની ધમકી આપતો વિડીયો વોટસોપ પર હાલ જોવા મળી રહ્યો છે. જયારે મીનાબેન દ્વારા પ્રાંતિજ પોલીસને જાણ કરતા પ્રાંતિજ પોલીસના ભગવાનભાઈ સહિત બીજા જવાનો દોડી આવ્યા હતાં અને સમગ્ર ઘટનાની સ્થળ તપાસ હાથ ધરી છે. જયારે જીવદયા પ્રેમી મીનાબેનની ફરિયાદના આધારે પોલીસે ફરિયાદ નોંધી આશીષભાઈ મણીલાલ તથા તેમની પત્ની ગાયત્રીબેન આશિષભાઈ વિરૂદ્ધ ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

(તસવીર : જય અમીન, મોડાસા)

આજના આધુનિક અને દોડધામ ભર્યા જમાનામાં ઘડીકે નવરાશ નથી એવું કેટલાક લોકોનાં મોઢે સંભળાય છે. આવા જમાનામાં પણ પોતાની વ્યસ્તતામાંથી વખત કાઢી સદકર્મ કરતા માણસો પણ જોવા મળે છે. આવા જ એક મોડાસા તાલુકાના મેઢાસણ ચોકડી પર રહેતા દશરથભાઈ વાડીલાલ ઓડ સિમેન્ટની ટાંકી અને ભૂંગળા જેવી વસ્તુઓ બનાવી પોતાનું ગુજરાન ચલાવે છે. ધંધાની વ્યસ્તતામાંથી સમય કાઢી દશરથભાઈ પોતાના નિત્યક્રમ પ્રમાણે દરરોજ સવારે છ વાગે કીડીઓનું કિડિયારું પુરવા નીકળી જાય છે પોતાના ઘરેથી ચાલતા છેક બે કિલોમીટર દુર જ અચૂકપણે કીડીયોને કીડીયારું પુરીને પછી જ પોતાને કામ ધંધે વળગે છે. છેલ્લા ૩૦ વર્ષથી તે ગમે તેવા કપરા સમયમાં પણ કીડીયોને કીડીયારું પુરવાનું કયારે ચુકયા નથી. દરરોજ ૩ કિલો લોટને ૫૦ ગ્રામ સીંગતેલ અને ૩ ચમચી ઘીનું કીડીયારું બનાવી ઘરેથી નીકળી છેક એક બે કલાક આ સતકાર્ય કરે છે. દશરથભાઈના જણાવ્યા અનુસાર તે અગાઉ સમયમાં બાજરીના રોટલા બનાવી કીડીયારું પૂરતાં પરંતુ કેટલાક સમયથી લોટ, સિંગતેલ તેમજ ઘીનું કીડીયારું બનાવી રોજનું ૩ કિલો કિડીયારું પુરે છે.

વસંતકુંવરબા સ્કુલમાં સમર કેમ્પનું આયોજન

સેકટર-૨૮ સ્થિત વસંતકુંવરબા સ્કુલ કેમ્પસમાં વીસ દિવસીય બાલબવન સમર કેમ્પ યોજાશે. આગામી ૨૭ એપ્રિલથી ૧૬ મે દરમિયાન યોજાનાર સમર કેમ્પમાં દરરોજ એક કલાક તાલીમ આપવામાં આવશે. જેમાં યોગાસન કંઠય સંગીત, કોમ્પ્યુટર કેલીગ્રાફી, સ્કેટીંગ, કાર્ડ મેકીંગ, ગ્લાસ પેઈન્ટીંગ, કરાટે, જેવી પ્રવૃત્તિઓ શીખવાડવામાં આવશે. સમર કેમ્પમાં તાલીમ મેળવવા ઈચ્છુક બાળકોએ શાળાનો સંપર્ક કરવો.

પ્રાંતિજ ખાતે સમસ્ત રાવળયોગી પરિવાર દ્વારા તેત્રીસ જયોતનો પાટોત્સવ યોજાયો

પ્રાંતિજ, તા.૨૪

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ખાતે આવેલ નાની ભાગોળ વિસ્તારમાં આવેલ જોગણી માતાજીના મંદિર પાસે ગુરુવારના રોજ શ્રી બાબા રામદેવપીર મહારાજનો તેત્રીસ જયોતનો પાટોત્સવ યોજાઈ ગયો.

પ્રાંતિજ ખાતે આવેલ સમસ્ત રાવળ યોગી પરિવાર દ્વારા આયોજિત શ્રી બાબા રામદેવપીરનો તેત્રીસ જયોતનો પાટોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ગુરુ ગાદી પ.પૂ. સંતશ્રી ચુંડારામ મહારાજ, પ.પૂ. લાલજી મહારાજ પ.પૂ.સનારામ મહારાજ, પ.પૂ. રાજુરામ મહારાજ, પ.પૂ. દશરથરામ મહારાજ બધા સંતોનું બેન્ડવાજા સાથે ઢોલ નગારા સાથે સામૈયું કરવામાં આવ્યું હતું. પ્રાંતિજ તથા આજુબાજુમાં રહેતા સમસ્ત રાવળ યોગી પરિવાર દ્વારા સુંદર આયોજન કરવામાં આવ્યું હતું. જયારે સંતો મહંતોની શોભાયાત્રા સાથે ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું હતું. સાંજના સમયે પ્રસાદ સ્વરૂપે ભોજનનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં પ્રસાદ લઈ સમાજ તથા બહારથી આવેલ મહેમાનોએ પ્રસાદ લઈ ધન્યતા અનુભવી હતી જયારે રાત્રીના ૧૦ વાગ્યે તેત્રીસ જયોતનું પ્રાગટય ગુરુગાદી પ.પૂ. સંતશ્રી લાલજી મહારાજ દ્વારા કરવામાં આવ્યું હતું. અને રાત્રે ૧૧ વાગ્યે ભજન સતસંગ કાર્યક્રમ પણ યોજાયો હતો. જેમાં સવાર સુધી લોકો સતસંગમાં જોડાયા હતા જેથી આખુંયે વાતાવરણ ભકિતમય બની ગયું હતું.

પ્રાંતિજ સમસ્ત બ્રહ્મસમાજ આયોજિત આઠમો સમૂહ યજ્ઞોપવિત તથા બ્રહ્મસમાજ ચોર્યાસી કાર્યક્રમ યોજાયો

શ્રી માર્કંડેશ્વર મહાદેવ મંદિર ખાતે સાંસ્કૃતિક શાસ્ત્રોકત વિધિથી છ બટુકોએ જનોઈ ધારણ કરી

પ્રાંતિજ, તા.૨૪

પ્રાંતિજ ખાતે આવેલ સમસ્ત બ્રાહ્મણ સમાજ દ્વારા આઠમો સમૂહ યજ્ઞોપવિત (જનોઈ) તથા બ્રાહ્મણ સમાજ ચોર્યાસી કાર્યક્રમ યોજાઈ ગયો. જેમાં જૈનમ, વિરાજ, ભવ્ય, પાર્થ, વેદ, પ્રિયાંશુ એમ છ બટુકોએ વિધવત જનોઈ ધારણ કરી હતી જયારે દાતાઓ દ્વારા બટુકોને તથા સમાજમાં દાન આપવામાં આવ્યું હતું.

જયારે બ્રહ્મસમાજ દ્વારા આ પ્રસંગે દાતાઓના સન્માનનો કાર્યક્રમ પણ યોજાયો હતો અને ફુલહાર દ્વારા વિવિધ બ્રહ્મસમાજના દાતાઓનું સન્માન કરવામાં આવ્યું હતું. જયારે પ્રાંતિજ તથા આજુબાજુમાં રહેતા સમસ્ત બ્રહ્મસમાજના લોકો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા અને જનોઈ ધારણ કરનાર બટુકોને આશીર્વાદ તથા ભેટ સોગાદો આપી હતી જયારે સમસ્ત બ્રહ્મસમાજ ચોર્યાસીનું પણ આયોજન કરવામાં આવ્યું હતું અને પ્રાંતિજ ખાતે રહેતા સમગ્ર બ્રહ્મસમાજના લોકોએ સાથે ભોજન પણ લીધું હતું. જયારે બ્રહ્મસમાજના પ્રમુખ યોગેશભાઈ એન. રાવલ, મહામંત્રી મનીષભાઈ એન. પંડયા, સતીષભાઈ પંડયા, મધુભાઈ રાવલ, જીતુભાઈ રાવલ તથા કારોબારી સભ્યોએ ભારે જહેમત ઉઠાવી સમગ્ર કાર્યક્રમનું સુંદર રીતે આયોજન કર્યું હતું.

(તસવીર : સંજય રાવલ, પ્રાંતિજ)

શબ્દાવલી - ૫૭૧૧



આડી ચાવી

૧. લટકાળી ચાલ (૬)
૬. થપ્પડ, જાપટ (૪)
૭. ઉપર (૨)
૮. નાળુ (હિન્દીમાં) (૨)
૯. બલિદાન, કુરબાની (૫)
૧૦. ફોડવાનો, દારુ (૩)
૧૧. જજ, નિર્ણય કરનાર (૨)
૧૩. ગપ્પુ (૨)
૧૫. ખરાબ અંજામ (૩)
૧૭. એક મસાલાનું લાકડું (૨)
૧૮. તરબોળ (૫)
૨૦. રૂઆબ, વટ (૨)
૨૧. તલ્લીન (૨)
૨૨. પતિ, માલિક (૨)

ઊભી ચાવી

૧. સુંદર સ્ત્રી, કામિની (૩)
૨. સામસામી ટપલાની મારામારી (૫)
૩. એક જાતની ડાંગર-ચોખા (૨)
૪. આશય, ઇરાદો (૪)
૫. લાદી, તખ્તી (૩)
૭. મહેમાનગતિ (૫)
૧૧. નાગ, ફણીધર (૪)
૧૨. દ્યવ (૩)
૧૪. હેરાન કરવું તે (૪)
૧૫. ભગવાન (૨)
૧૬. કાતરવાનું - કાપવાનું સાધન (૩)
૧૯. નકામુ, રદ્દી (૨)

શબ્દાવલી ૫૭૧૦ના જવાબ

આડી ચાવી :- (૧) ભયભીત (૩) આખેટ (૫) ઝોલી (૬) વારી (૮) સુમસાન (૧૦) રજકણ (૧૨) નજારો (૧૩) વર (૧૪) ક્યાં (૧૫) નવુસવુ (૧૬) પાતક (૧૮) ગમ (૧૯) લીક (૨૦) નજરકેદ

ઊભી ચાવી :- (૧) ભલીવાર (૨) ભીસ્તી (૩) આલીશાન (૪) ટકો (૫) ઝોમ (૭) રીજવવું (૮) સુણ (૯) નજાકત (૧૧) કરસન (૧૫) નવેલી (૧૬) પામર (૧૭) કમોદ (૧૮) ગજ

મેર મારવાના મુદ્દે

● અનુસંધાન પહેલાનું ચાલુ

અમીરજાદાઓએ ઢોર માર માર્યો. આ ઉપરોક્ત ઘટના એક યુવાન વેપારીને માર માર્યો એની સાક્ષી આપે છે કે ગાંધીનગર જેવા રાજધાની શહેરમાં જો વેપારીઓની આ દશા સત્તાધીશો દ્વારા કરવામાં આવતી હોય તો સમગ્ર ગુજરાતના અંતરીયાળ ગામો અને વિસ્તારમાં આવા કેટલાક મંત્રીઓ તેમના સ્નેહીઓ અને ભાજપના આગેવાનો દ્વારા શું નહિ થતું હોય તે વિચાર જ વર્તમાન પોલીસતંત્રની આબરૂ અને વિશ્વસનીયતાનું ઉત્તમ ઉદાહરણ છે. ગાંધીના ગુજરાતની રાજધાની ગાંધીનગરમાં પ્રજા અને વેપારીઓ રોજ-બરોજના આવા બનાવોથી ફફડી રહ્યા છે. અને પોતાની જાતને અસુરક્ષિત મહેસુસ કરી રહ્યા છે. આ સમગ્ર ઘટનાને નિર્દોષ અને કારણવિના ઢોર માર મારવાના ગુન્હેગારોને ઝડપથી શોધી સખતમાં સખત કાર્યવાહી થાય તે બાબતે આવતી કાલે બપોરે ૨-૦૦ વાગ્યે ગાંધીનગર જીલ્લા પોલીસ વડાને ગાંધીનગર શહેર કોંગ્રેસ સમિતિ દ્વારા આવેદનપત્ર આપવામાં આવશે અને જો તપાસ નહિ થાય તો ગાંધીનગર શહેરની અંદર ગાંધી ચિંધ્યા માર્ગે ઉપવાસનો કાર્યક્રમ આપવામાં આવશે અને નાછૂટકે ગાંધીનગર બંધનો કાર્યક્રમ પણ જરૂર પડે આપવામાં આવશે.

સ્વચ્છતા અભિયાન ઝૂંબેશ...

● અનુસંધાન પહેલાનું ચાલુ

રાજય સરકારે સ્વચ્છતા મિશન અંતર્ગત ઘન કચરાના નિકાલ માટે પણ યોગ્ય વ્યવસ્થાઓ ઉભી કરવા તાકીદ કરી છે. રાજયમાં સામાન્યતઃ ૭૦૦ ગ્રામ જેટલો ઘનકચરો ઉત્પન્ન એક દિવસમાં એક વ્યકિત દ્વારા થતો હોય છે. સરકારે સ્વચ્છતા અભિયાન એક ટેવમાં પરિણમે તે માટે આ દિવસો દરમિયાન વિવિધ તબક્કામાં સામૂહિક સફાઈના કાર્યક્રમો યોજાય તેના પર પણ ભાર મુકયો છે.

અદૃશ્ય બમ્પ... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

રસ્તાઓનો મેક અપ ઉતરી ગયો છે. બીજીતરફ ટ્રાફિક નિયમનના અભાવ વચ્ચે રોજબરોજ અકસ્માતો થઈ રહયા છે. શહેરના આંતરિક રસ્તાઓની હાલત ઉબડખાબડ બની છે. આંતરિક રસ્તાઓ પર સ્થિત બમ્પને પટ્ટા કરવામાં ન આવતા અકસ્માતો થાય છે. વાઈબ્રન્ટ સમિટ વેળાએ માર્ગો પર પટ્ટા કરવા પ્રથમવાર મશીનનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. રસ્તાઓ પરના બમ્પ ચિતરેલા ન હોવાના કારણે વાહનચાલકો અકસ્માતને ભેટે છે. શહેરના આંતરિક માર્ગો પર બમ્પને તાત્કાલિક અસરથી પટ્ટા કરવામાં આવે તેવી પ્રબળ માંગ ઉઠવા પામી છે.

પોલીસકર્મી ઉમેદવારો અટવાયા...

● ત્રીજા પાનાનું ચાલુ

પીઆરબીની પરીક્ષાઓ માટે પોલીસ કર્મી ઉમેદવારો કપાત રજા લઈને તૈયારીઓ કરી રહ્યા છે. ગાંધીનગરમાં મહિલા કર્મીઓ સહિતના ઉમેદવારો પરીક્ષા માટે કપાત રજા ઉપરાંત વ્યાજે કે ઉછીના પૈસા લઈને સ્પર્ધાત્મક પરીક્ષાના કલાસીસની મોંઘીદાટ ફી ભરીને તૈયારીઓ કરી રહ્યાં છે. દેવુ કરીને પણ જે નોકરી મેળવવા મહિનાઓથી તૈયારીઓ કરી હોય તેમાં સામેલ થવું જ શક્ય ના બને તેવી સ્થિતિ પેદા થઈ જવાથી આ ઉમેદવારોની હાલત કફોડી બની જવા પામી છે. કારણ કે ગુજરાત સ્થાપના દિનના કાર્યક્રમ માટે તેમની રજાઓ કેન્સલ કરીને એક સપ્તાહ અગાઉ વ્યારા જવાનું ફરમાન કરી દેવાયું છે. જ્યારે આ કર્મીઓએ ઉપરી અધિકારીઓને પરીક્ષા હોવાથી સ્થાપના દિવસના બંદોબસ્તમાંથી બાકાત રાખવા વિનવણી કરી ત્યારે અધિકારીઓએ 'આ નિર્ણય અમારો નથી લેવાનો જો તમે હાજર નહી રહો તો સસ્પેન્ડ થશો' તેવું રોકડું પરખાવી દીધુ. હવે જો આ કર્મચારીઓ સ્થાપના દિનની તૈયારીઓમાં અને ઉજવણીમાં સામેલ થાય તો એક તેમના કલાસીસની ભરેલી ફી માથે પડે, બીજુ તેમની તૈયારીઓ બગડે અને ત્રીજુ સૌથી અગત્યનું એ છે કે પરીક્ષા કેન્દ્ર અમદાવાદ હોઈ વ્યારાથી પરત ફરતા ૯ થી ૧૦ કલાકની મુસાફરી જેટલો સમય લાગે તો ઉજવણી પછી તેમને મોડી રાત્રે છુટા કરાશે તો કેવી રીતે પરીક્ષા આપવા પહોંચી શકશે? આ પરિસ્થિતિમાં સવાલ એ છે કે પોલીસભર્તી બોર્ડે શું ગુજરાત સ્થાપના દિનની ઉજવણી અને તેના બંદોબસ્તને ધ્યાનમાં રાખ્યા વગર જ પરીક્ષાની તારીખો જાહેર કરી દીધી? મહિલા સશક્તિકરણની વાતો કરતા મહિલા મુખ્યમંત્રીના રાજમાં મહિલા પોલીસ કર્મીઓની કારકિર્દી પર પ્રશ્નાર્થ ઉભો થયો છે. ત્યારે શું પોલીસ ભર્તી બોર્ડ પરીક્ષાની તારીખો એકાદ સપ્તાહ પાછળ ના ખસેડી શકે?

ભાભરમાં મંત્રીના અધ્યક્ષસ્થાને બેઠક યોજાઈ

ભાભર મુકામે મંત્રીશ્રી બચુભાઈ ખાબડના અધ્યક્ષસ્થાને અધિકારીઓ અને અગ્રણીઓ સાથે બેઠક યોજાઈ હતી. જેમાં આ વિસ્તારના વિકાસ અંગે જરુરી ચર્ચા વિચારણા કરવામાં આવી હતી. મંત્રીશ્રીએ જિલ્લા વહીવટીતંત્રને અભિનંદન આપતા જણાવ્યું કે આ જિલ્લામાં વહીવટી તંત્ર અને પદાધિકારીશ્રીઓ તથા અગ્રણીઓ સાથે સારું સંકલન કેળવીને સુંદર કામગીરી કરવામાં આવે છે. તેમણે કહ્યું કે જિલ્લામાં સો ટકા શૌચાલયો બનાવવા પ્રયાસો કરીએ.

ગરમીની અસર

● અનસંધાન છેલ્લાનું ચાલુ

જોર વધવા પામ્યું છે. ભારે ગરમી પડી રહી હોવાના કારણે કૃષિ મહોત્સવ દરમિયાન યોજવામાં આવતી શિબિરોમાં ખેડુતોની પાંખી હાજરી રહે છે. આ વર્ષે કાળઝાળ ગરમીએ કૃષિ મહોત્સવના રંગમાં ભંગ પાડયો છે. કૃષિ મહોત્સવના કાર્યક્રમોમાં ખેડૂતોએ ઉત્સાહ ઓછો દાખવતા આ વર્ષે કૃષિ મહોત્સવનો ફલોપ શો થવા પામ્યો છે.

આ વર્ષે કૃષિ મહોત્સવ દરમિયાન કૃષિ બિયારણની કીટોનું વિતરણ કરવામાં આવનાર નથી તેમજ ઓજારોની સહાય પણ આપવામાં આવનાર નહીં હોવાનું જાણવા મળે છે.

કંપની સમાચાર

યુએફઓ મુવીઝ ઈન્ડિયા લિમિટેડનો પબ્લિક ઈશ્યુ ૨૮ એપ્રિલે ખુલશે

પ્રાઈસ બેન્ડ પ્રતિ ઈક્વિટી શેર રૂ. ૬૧૫ થી રૂ. ૬૨૫

યુએફઓ મુવીઝ ઈન્ડિયા લિમિટેડ (કંપની)નો રૂ. ૧૦ની કિંમતના રોકડ મૂળ કિંમતના (શેર પ્રિમિયમ સહિત) ઈક્વિટી શેર્સનો રૂ. ૬૦૦ કરોડ (ઓફર)નો પબ્લિક ઈશ્યુ ૨૮ એપ્રિલ ૨૦૧૫ના રોજ ખુલશે. ૩આઈ રિસર્ચ (મોરેશિયસ) લિમિટેડ (૩ આઈ રિસર્ચ), **P5** એશિયા હોલ્ડિંગ્સ ઈન્વેસ્ટમેન્ટસ (મોરેશિયસ) લિમિટેડ, (**P5**), સંજય ગાયકવાડ (મેનેજિંગ ડિરેક્ટર), નરેન્દ્ર હેટે, વેલ્યુએબલ મિડિયા લિમિટેડ, વેલ્યુએબલ ટેકનોલોજીસ લિમિટેડ, રાજા કંવર, પ્રફુલ્લા વૈદ્ય, ઉદય ગાયકવાડ, રાકેશ ગુપ્તા, અમિત કે મહેતા, અમિત એસ. શેલાર, આશિષ સદાનંદ માલુષ્ટે, ડેનીયલ અપ્પા પરબ, દીપક રંજન, ધીરેન્દ્ર સિંઘ મુચ્છલ, કે. સુવર્ણા, કપિલ કુમાર અગરવાલ (જોઈન્ટ એમડી), કેતન નટવરલાલ પિઠડીયા, મિતાલી વી. પટેલ, મુકેશ શંકર શેરીગાર, નિતિન લાયોનેલ મોન્ટેરીયો, નિતિન નોહાની, પ્રશાંત એસ. કેલુસ્કર, પ્રવીણ રામદાસ વાજે, રાજેન્દ્ર લક્ષ્મણ ગાયકવાડ, રાજેશ બી. મિશ્રા, રવિ સુખદેવ નાખાલે, સમીર શાંતારામ સુર્વે, સંજય પરદેશી ચવાણ, સુદાલૈમાની કોનાર, સુધીર વિઠ્ઠલ શેટ્ટી, સ્વપ્નિલ સી. બોરકર, વિક્રમ મેકૈયા અને વિષ્ણુ વિઠ્ઠલભાઈ પટેલ (સાથે મળીને સેલિંગ શેરહોલ્ડર્સ) એ આ ઓફર ફોર સેલ કરી છે.

પ્રાઈસ બેન્ડ પ્રતિ ઈક્વિટી શેર રૂ. ૬૧૫ થી રૂ. ૬૨૫ નક્કી કરવામાં આવી છે. એન્કર ઈન્વેસ્ટર માટે બિડિંગ તારીખ સોમવાર, ૨૭ એપ્રિલ છે, જે ઓફર ખુલવાના એક દિવસ પહેલાં છે, બિડ/ઈશ્યુ ૩૦ એપ્રિલ ૨૦૧૫ના રોજ બંધ થશે. લઘુત્તમ બિડ ૨૪ શેરોની અને એ પછી ૨૪ના ગુણાંકમાં રહેશે. ઈશ્યુના ગ્લોબલ કો-ઓર્ડિનેટર અને બુક રનિંગ લીડ મેનેજર્સ (અથવા સામૂહિક રીતે 'મેનેજર્સ') એક્સિસ કેપિટલ લિમિટેડ અને સિટીગ્રુપ ગ્લોબલ માર્કેટસ ઈન્ડિયા પ્રા.લિ. છે.